# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-01-2025** **Morning : 7.45 to 7.55**
**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ગ્રામીણ ભારત મહોત્સવનું ઉદ્ઘાટન કરશે.
2) વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે કહ્યું, ભારત પાડોશી પ્રથમ અને સાગર યોજના હેઠળ માલદીવને સમર્થન આપવાનું યથાવત્ રાખશે.
3) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ વિકસિત ભારતના લક્ષ્યાંકને સાકાર કરવા યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું.
4) કેન્દ્ર સરકારે ડિજિટલ પર્સનલ ડેટા સુરક્ષા નિયમ 2025નો મુસદ્દો બહાર પાડ્યો.
5) ઉત્તર ભારતના કેટલાક ભાગમાં તીવ્ર ઠંડી અને ગાઢ ધુમ્મસના કારણે સામાન્ય જનજીવન અસરગ્રસ્ત.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-GRAMEEN MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ગ્રામીણ ભારત મહોત્સવ 2025નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે શ્રી મોદી જનસભાને પણ સંબોધિત કરશે.

અમારા સંવાદદાતા જણાવે  છે કે, આ મહોત્સવનો ઉદ્દેશ ગ્રામીણ માળખાનો વિકાસ, ગ્રામીણ અર્થતંત્રને આત્મનિર્ભર બનાવવા અને ગ્રામીણ સમુદાયોમાં નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે. ગ્રામીણ મહિલાઓને ઉદ્યોગ સાહસિકતા દ્વારા સશક્તિકરણ કરવાનો તથા ગ્રામીણ વસતિમાં આર્થિક સ્થિરતા અને નાણાકીય સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે. આ મહોત્સવમાં દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરાશે.

# JAISHANAKR-MALDIVES FM

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર અને માલદીવના તેમના સમકક્ષ ડૉ. અબ્દુલ્લા ખલીલ વચ્ચે ગઈકાલે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય સંવાદ યોજાયો હતો.

ડૉ. જયશંકરે કહ્યું કે, ભારત માલદીવ સાથેના સંબંધને વિશેષ મહત્વ આપે છે. તેમણે ખાતરી આપી કે, ભારત પાડોશી પ્રથમ અને સાગર યોજના હેઠળ માલદીવને સમર્થન આપવાનું યથાવત્ રાખશે. બંને નેતાએ ગયા વર્ષે ઑક્ટોબરમાં માલદીવના રાષ્ટ્રપ્રમુખ ડૉ. મોહમ્મદ

મુઈઝુની ભારત મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરાયેલા કરારની પ્રગતિની સમીક્ષા કરી હતી.

માલદીવના વિદેશ મંત્રીએ ભારત દ્વારા માલદીવને અપાતી સમયસર કટોકટીની નાણાકીય સહાયની પ્રશંસા કરી. બંને દેશે ભારતની અનુદાન સહાયતા સાથે માલદીવમાં સામુદાયિક વિકાસ પરિયોજનાના ત્રીજા તબક્કાના અમલીકરણ માટે એક કરાર પર પણ હસ્તાક્ષર કર્યા હતા.

## MANDAVIYA-GUJARAT

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આહવાન કર્યું છે. ગઇકાલે ગુજરાતના સુરત ખાતે એક કાર્યક્રમમાં બોલતા શ્રી માંડવિયાએ દેશને આગળ લઈ જવા માટે યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**(બાઇટ- મનસુખ માંડવિયા- કેન્દ્રીય મંત્રી)**

દરમિયાન, કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે અને આવતીકાલે ગુજરાતનાં પોરબંદર લોકસભા વિસ્તારની મુલાકાત લેશે. શ્રી માંડવિયા આજે અને આવતીકાલે કેશોદ, જેતપુર, ગોંડલ અને ઉપલેટાનો પ્રવાસ કરશે. તેમજ આવતીકાલે તેઓ કાર્યાલય ખાતે લોકપ્રશ્નો સાંભળશે.

# INDIA-IRAN

ભારત અને ઈરાને, ચાબહાર બંદર, કૃષિ સહયોગ, વેપાર, આર્થિક મુદ્દાઓ, સાંસ્કૃતિક અને લોક સંપર્કો સહિત વિવિધ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી છે.

ગઈકાલે નવી દિલ્હીમાં 19મી ભારત-ઈરાન વીદેશ કાર્યાલય સલાહકાર બેઠક યોજાઈ હતી. વિદેશ સચિવ વિક્રમ મિસરી અને ઈરાનના નાયબ વિદેશ મંત્રી માજિદ રેવાંચીએ આ બેઠકની સહ અધ્યક્ષતા કરી હતી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બેઠકમાં અફઘાનિસ્તાન, પશ્ચિમ એશિયા અને દક્ષિણ કાકેશસ સહિત તમામ ક્ષેત્રીય અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર, બ્રિક્સ અને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સહિત બહુપક્ષીય મંચોમાં સહયોગ વધારવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

આ દરમિયાન ડૉ. રેવાંચીએ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરને પણ મળ્યા હતા. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય અને વર્તમાન ક્ષેત્રીય પડકારો પર ચર્ચા થઈ હતી..

# CHOUHAN-MEETING

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે, તેમનું મંત્રાલય આ વર્ષે ગામડાઓને ગરીબીમુક્ત બનાવવા પ્રતિબદ્ધ છે.

નવી દિલ્હીમાં ગઈકાલે તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના ગ્રામીણ વિકાસમંત્રીઓ સાથે મંત્રાલયની વિવિધ યોજનાઓની સમીક્ષા બેઠક દરમિયાન તેમણે રાષ્ટ્ર નિર્માણમાં ગામડાઓની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી ચૌહાણે કહ્યું કે, ગ્રામીણ વિકાસ મંત્રાલયની યોજનાઓ સામાન્ય લોકો માટે આશા અને તેમના સ્વપ્ન સાકાર કરવાનું માધ્યમ છે. આ યોજનાઓ ગામડાઓના વિકાસ માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે. શ્રી ચૌહાણે જણાવ્યું કે, મનરેગા હેઠળ ગયા વર્ષે જૂનથી અત્યાર સુધીમાં 136 કરોડ માનવ દિવસ રોજગારી અપાઈ છે.

શ્રી ચૌહાણે ઉમેર્યું કે, છેલ્લા દસ વર્ષમાં આવાસ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં 3 કરોડ 45 લાખ ઘર બનાવાયા છે. આ યોજનામાં નવા પરિવારોને જોડવા માટે સરવે શરૂ થયો છે.

# REV. DIGITAL PERSONAL DATA - DRAFT

કેન્દ્ર સરકારે ડિજિટલ પર્સનલ ડેટા સુરક્ષા નિયમો 2025નો મુસદો બહાર પાડ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટ પર તેને શેર કરતા, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ડ્રાફ્ટ નિયમો પરામર્શ માટે ખુલ્લા છે. તેમણે લોકોને આ અંગે તેમના મંતવ્યો વ્યક્ત કરવા પણ કહ્યું હતું. ઓગસ્ટ 2023માં રાષ્ટ્રપતિ દ્રૌપદી

મુર્મુ દ્વારા ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ 2023ને મંજૂરી આપવામાં આવી હતી.

ઉપરાંત, ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ 2023 હેઠળ વ્યક્તિગત સંમતિ મેળવવા, ડેટા પ્રોસેસિંગ સંસ્થાઓ અને સત્તાવાળાઓની કામગીરી સંબંધિત જોગવાઈઓ છે. ડ્રાફ્ટ નિયમો અનુસાર, ડેટા પ્રોસેસિંગમાં રોકાયેલી વ્યક્તિ, કંપની અથવા સંસ્થા એ સુનિશ્ચિત કરશે કે વ્યક્તિગત ડેટા એકત્રિત કરતા પહેલા બાળકના માતાપિતાની સંમતિ મેળવવા માટે યોગ્ય તકનીકી અને સંસ્થાકીય પગલાં લેવામાં આવ્યા છે. ડ્રાફ્ટ નિયમો પર મંતવ્યો 18મી ફેબ્રુઆરી સુધી MyGov પોર્ટલ દ્વારા વ્યક્ત કરી શકાશે.

માર્ગદર્શિકમાં બાળકોના સોશિયલ મિડિયા એકાઉન્ટ ખોલવા માટે માતા પિતાની ફરજીયાત સંમતિ સૂચવાઇ છે.

# COLD-NORTH INDIA

ઉત્તર ભારતના ઘણા ભાગોમાં તીવ્ર ઠંડી અને ગાઢ ધુમ્મસના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. આજે સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું, જેના કારણે ઘણા વિસ્તારોમાં વિઝિબિલિટી શૂન્ય થઈ  હતી. દિલ્હી, ઉત્તરપ્રદેશ અને હરિયાણામાં ધુમ્મસના કારણે વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ હતી અને દિલ્હી એરપોર્ટ પરની ફ્લાઈટને પણ અસર થઈ હતી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતના ભાગોમાં ગાઢ ધુમ્મસ અને કોલ્ડવેવની સ્થિતિ યથાવત રહેશે. આવતીકાલે અને સોમવારે હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની સંભાવના છે. આવતીકાલે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરાખંડમાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદ પણ થઈ શકે છે.

હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આગામી બે દિવસમાં જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં ભારે વરસાદ અને હિમવર્ષાની સંભાવના વ્યક્ત કરી છે.

## US-SPEAKER VOTE

અમેરિકામાં, ડોનાલ્ડ ટ્રમ્પ સમર્થિત માઈક જોન્સન પ્રથમ રાઉન્ડના વોટિંગમાં ફરીથી સંસદના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. તેઓ પ્રજાસત્તાક સાંસદોના બળવાને માત આપીને આ પદ માટે ચૂંટાયા છે.

પ્રથમ ત્રણ રિપબ્લિકન ધારાસભ્યોએ શ્રી જોહ્ન્સન વિરુદ્ધ મતદાન કર્યું હતું, પરંતુ છેલ્લી ક્ષણે તેમણે જોન્સનને સમર્થન આપ્યું હતું. અંતિમ ગણતરીમાં, શ્રી જોહ્ન્સનને 218 વોટ મળ્યા જ્યારે ડેમોક્રેટિક પાર્ટીના હકીમ જેફ્રીસને 215 વોટ મળ્યા. અન્ય સભ્યને એક મત મળ્યો હતો. માઈક જ્હોન્સને પદના શપથ લેતા પહેલા ગૃહને સંબોધિત કર્યું હતું અને અમેરિકાને અગ્રેસર રાખવાનું વચન આપ્યું હતું.

## CHINA-FLU

ચીને દેશમાં ફ્લૂના વ્યાપક ફેલાવા અને મોટી સંખ્યામાં દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાના સમાચારને ફગાવી દીધા છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે મીડિયાને જણાવ્યું કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે શિયાળામાં શ્વાસ સંબંધી રોગોના કેસ ઓછા ગંભીર છે. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ચીનની યાત્રા વિદેશીઓ માટે સુરક્ષિત છે.

## ISRAEL-GAZA

ઇઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે, તેણે ગુરુવારથી ગાઝાપટ્ટીમાં હમાસના અંદાજે 40 સ્થળ પર કરેલા હુમલાઓમાં ડઝનેક લોકોના મોત થયા છે.

ઇઝરાયલી સંરક્ષણ દળો અને શિન બેટ સુરક્ષા એજન્સીએ જણાવ્યું હતું કે, હમાસ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર અને તેમના એકત્ર થવાના સ્થળોને નિશાન બનાવતા હવાઈ હુમલામાં ડઝનેક આતંકવાદીઓ માર્યા ગયા છે. ઇઝરાયેલી સૈન્ય પ્રવક્તા અવિચાઇ અદ્રાઇએ મધ્ય ગાઝામાં અલ-બુરીજ શરણાર્થી શિબિરના રહેવાસીઓને આ વિસ્તારમાં આગામી હુમલાની ચેતવણી આપતાં સ્થળાંતર કરવા જણાવ્યું છે.

**હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા**

1) આજના તમામ સમાચારપત્રોએ અલગ અલગ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. નવગુજરાત સમય લખે છે, સરકારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રૉટેક્શનના સૂચિત નિયમો જારી કર્યા, બાળકોને સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવા વાલીની મંજૂરી ફરજિયાત. ફૂલછાબે 'ચીનમાં ફેલાયો કોરોના જેવો નવો વાયરસ'ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. દિવ્ય ભાસ્કર લખે છે, માંડવીના ગુંદિયાલીની જમીનમાં વારસાઈ કરી નામ ઉમેર્યું, સસરાની અટક પટેલના બદલે દવે દર્શાવી, નકલી ખેડૂત ખાતેદાર બનીને ભાજપના ધારાસભ્યે 3 સહકારી મંડળી ઊભી કરી. ગુજરાત સમાચારનું મુખ્યશીર્ષક છે, ડ્રેગનના દેખાડવાના અને ચાવવાના જુદાં: ભારત સાથે શાંતિ મંત્રણાનો માત્ર દેખાડો, અવળચંડા ચીને લદાખમાં બે ગેરકાયદે પ્રાન્તો બનાવી દીધા. સંદેશે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને ટાંકીને લખ્યું કે, હું પણ કોઈ શીશમહેલ બનાવી શકતો હતો. રાજસ્થાન પત્રિકા લખે છે, દેશ મેં ડિજિટલ ડિવાઈડ બડી ચુનૌતી માત્ર 57 ફિસદી સ્કૂલો મેં હૈં કમ્પ્યૂટર.

2) ગુજરાત સમાચારે સ્થાનિક પાના પર સતત વધતા ખર્ચના કારણે સોના સામે ધિરાણમાં NPAની ચિંતાજનક વૃદ્ધિના શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.

3) સંદેશ છેલ્લા પાના પર લખે છે, સુરતનું સૌથી મોટું 2 હજાર 500 કરોડનું જમીન કૌભાંડ, ખેડૂતોની જમીનમાં પ્લોટ પાડી વેચ્યાં.

4) નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે, GIDCએ લીઝ પર આપેલા પ્લોટને થર્ડ પાર્ટીને વેચવા પર સરકાર 18 ટકા GST વસૂલી શકે નહીં: હાઈકોર્ટ.

**(DESK- PRAVESH ADIACHA)**